ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# કોવિડના વધતા સંક્રમણના લીધે લગ્ન લીધેલા પરિવારોની મુંઝવણ વધી

**નવો વેરિયન્ટ ઝડપથી પ્રસરતા રોજબરોજ કેસની સંખ્યા વધી રહી છે : નગરજનો લાંબા સમયથી કોવિડની ગાઇડલાઇનનુ પાલન કરવાનુ પણ ભુલી ગયા છે : સંક્રમણ અટકાવવા માટે જરૂરી તકેદારી અનિવાર્ય**

ગાંધીનગર તા ૯

કોરોનાના નવા વેરિયન્ટનુ સંક્રમણ વધી રહ્યુ છે. રાજયમાં આજે પણ કોરોનાના નવા ૭૦ કેસ નોંધાયા છે. જયારે ગાંધીનગરના સચિવાલયમાં પણ કોરોનાએ એન્ટ્રી લીધી છે. બીજીતરફ વાઈબ્રન્ટની તૈયારી વચ્ચે શહેરમાં લગ્નસરાની સિઝન પણ નિખરી છે. ત્યારે કોવિડના વધતા સંક્રમણના લીધે સરકાર અને લગ્ન મહોત્સવના આયોજકો ચિંતામાં મુકાયા છે.આગામી ત્રણ દિવસ પણ લગ્નના મુહુર્તો વિશેષ છે. ત્યારે સેકટરોમાં ઠેર ઠેર લગ્નના માંડવા બંધાયેલા નજરે પડે છે.આવા સંજોગોમાં કોવિડનો કહેર વધતા લગ્ન મહોત્સવના આયોજકોની મુંઝવણ વધી છે. કોવિડનુ સંક્રમણ વધી રહ્યુ છે. આ સ્થતિ વચ્ચે નગરના જનજીવનમાં પણ કોવિડની ગાઈડલાઈનનુ પાલન કરવાના મામલે તદન નિરસતા સેવાઈ રહી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

એકબાજુ કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. નવા એમીક્રોન વેરિઅન્ટના કેસ વધતા ઓરોગ્ય વિભાગની ચિંતા વધી છે. નવા ઓમીક્રોન વેરિયન્ટની એન્ટ્રી ગાંધીનગરમાં પણ થઈ ગઈ છે. સચિવાલયમાં સામાન્ય વહીવટ વિભાગના એક અધિકારી પણ કોરોનાની ઝપટમાં આવ્યા હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. કોરોનાનો કહેર આગામી દિવસોમાં વધશે તેવા ખતરા સાથે હાલ લગ્નસરાની મોસમ પણ નિખરી છે. શહેરના સેકટરોમાં ગુલાબી ઠંડી વચ્ચે રાત્રિના સમયે ઠેર ઠેર લગ્ન મંડપમાં રોશનની સજાવટ વચ્ચે ગરબા તેમજ સમારંભોનુ આયોજન કરવામાં આવ્યુ છે. લગ્ન માટે આ દિવસોમાં વિશેષ મુહુર્ત હોવાથી આગામી ત્રણ દિવસ પણ શહેરના સેકટરોમાં ઠેર ઠેર શરણાઈના સુર સંભળાશે જયારે બીજીતરફ આગામી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને પણ તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે કોરોનાના વધતા ખતરાને અટકાવવા માટે નાગરિકોએ પણ વિશેષ સાવધાન રહેવાની અનિવાર્યતા છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી જાહેર સ્થળો કે અન્ય જગ્યાએ નાગરિકો માસ્કનો ઉપયોગ તેમજ સોશિયલ ડિસ્ટન્સનુ પાલન કરવાનુ ભુલી ગયા છે. સેકટરોના બજારમાં જોવા મળતી ભીડમાં પણ મોટાભાગના નાગરિકોના મોઢા પર માસ્ક જોવા મળતા નથી આ ઉપરાંત સોશિયલ ડીસ્ટન્સ પણ જળવાતુ નથી આ સ્થિતિ વચ્ચે નવા વેરિયન્ટનો ખતરો બેવડાયો છે. સરકારી કચેરીઓમાં કર્મચારીઓ તેમજ મુલાકાતીઓ પણ માસ્ક પહેરવાનુ ટાળી રહ્યા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે હાલની સ્થિતિએ લગ્ન મંડપ સજાવીને બેઠેલા પરિવારો માટે કોરોનાનુ વધતુ સંક્રમણ ચિંતાનો વિષય બન્યો છે. લગ્નના મુહુર્તો હાલ વિશેષ

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં કોરોનાના વધુ બે કેસ

**સે. ૨ માં યુવા વેપારી અને સે. ૧ ની ૨૬ વર્ષીય યુવતી સંક્રમિત થઈ, શહેરમાં કોરોનાના નવા કેસનો આંક ૧૯ થયો : બન્નેએ હોમ આઈસોલેશન સ્વીકાર્યુ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ બે કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. આજે નોંધાયેલા બન્ને કેસ યુવાના હોવાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે. આ સાથે ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૯ થઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કેસ નોંધાયા છે. સેકન્ડ વેવ વખતે સંવેદનશીલ બનેલા સે. ૨ અને સે. ૧ માં એમ બે અલગ-અલગ સેક્ટરમાં આ કેસ નોંધાયા છે. આ બન્ને દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માં ૩૦ વર્ષીય યુવા વેપારી કોરોનાથી સંક્રમિત થયો હોવાનું જાણવા મળેલ છે. તે પોતાના વેપાર માટે સતત ફરતો હોવાનું જાણવા મળેલ છે.

સે. ૧ માં એક ૨૬ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીના પિતાનો રિપોર્ટ બે દિવસ પહેલાં જ પોઝીટીવ આવ્યો હતો. આ બન્ને દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને બન્ને દર્દીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જોકે હોસ્પિટલાઈઝેશન ન હોવાથી તંત્રને થોડીક રાહત છે તેમજ છુટા છવાયા કેસો મળી રહ્યા છે. મોટાભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી તંત્રની તપાસમાં બહાર આવી છે.

શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અંગે તંત્રએ કડક તાકીદ કરી છે. તંત્રના ફરજીયાત માસ્કના નિયમની અમલવારીમાં હવે પોલીસે પણ તપાસનો દોર સંભાળ્યો છે.

ગાંધીનગર શહેરમાં લગ્નસરાની સિઝન ચાલુ હોવાથી સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવામાં પડી રહેલી મુશ્કેલીથી તંત્ર ચિંતીત બન્યુ છે. લોકો પણ જે રીતે બેફિકરા બની અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી નહિ કરતા હોવાથી આ ચિંતામાં વધારો થયો છે.

તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.



**ઘ-૪ અન્ડરપાસ એટલે સમસ્યાનું સરનામું**

ગાંધીનગરમાં પ્રારંભથી જ અત્યંત ચકચારી બનેલા ઘ-૪ અન્ડરપાસ ખાતે વારંવાર કોઈકને કોઈક તકલીફો સર્જાતી રહે છે. અત્યારે ચોમાસાની ઋતુ ના હોવા છતાં પણ ડ્રેનેજ લાઈન કચરાથી ચોકઅપ થવાને કારણે અન્ડરપાસમાં દૂષિત પાણી અને ગંદકી ઉભરાઈ રહી છે. જેના કારણે તાત્કાલિક તેનું સફાઈકામ હાથ ધરવાની ફરજ પડી છે. આ કાર્યને પગલે એક તરફનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો.

# નવા નાયબ ડી.ડી.ઓ.ને બેસવા ઉપપ્રમુખની ચેમ્બર ખાલી કરાઈ

**ઉપપ્રમુખ અને પ્રમુખ એક ચેમ્બરમાં સાથે બેસશે : મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેને ઈન્કાર કરતાં પંચાયતમાં હોબાળો મચી ગયો**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે નવનિયુક્ત નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુરજ બારોટ હાજર થતાં જ તેમની ચેમ્બરને લઈ સમસ્યા ઉભી થતાં આખરે પંચાયતના ઉપપ્રમુખની ચેમ્બર ખાલી કરાવી તેમને ત્યાં બેસવા માટે જગ્યા ફાળવવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં આજે નવા હાજર થયેલા નાયબ જિલ્લા વિકાસ અધિકારીને પહેલાં મહિલા બાળ વિકાસના ચેરમેનની ચેમ્બર ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ચેરમેન આવતાં જ તેઓ પરિસ્થિતિ પામી ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. તેમણે પ્રમુખને આ મુદ્દે રજુઆત કરી હતી. જેમની સાથે અન્ય ચેરમેનો પણ જોડાયા હતા. જો કે કોઈ ચેમ્બર આપવા તૈયાર થયા ન હતા.

મામલો શાંત પાડવા એક તબક્કે બન્ને નાયબ જિલ્લા વિકાસ અધિકારીને એક ચેમ્બરમાં બેસાડવાનો વિકલ્પ વિચારાયો હતો. જો કે પ્રમુખે દરમ્યાનગીરી ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાને સમજાવતા તેઓ માની ગયા હતા અને તેમની ચેમ્બર નવા અધિકારીને ફાળવવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આગની દુર્ઘટના પછી બેસવા માટેની સમસ્યા ગંભીર બની ગઈ છે. આ બ્લોકમાં બેસતી શાખાઓ પણ અન્ય શાખાઓમાં ખસેડવામાં આવી છે.

નવા મકાન માટે જગ્યા માગી છે પણ હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. કારોબારી ચેરમેનની ચેમ્બર નાની કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ પછી રજુઆત બાદ તે નિર્ણય પડતો મુકવામાં આવ્યો હતો.

હવે પ્રમુખ-ઉપપ્રમુખ એક જ ચેમ્બરમાં બેસશે. આ બન્નેના કાર્યાલય એક જ જગ્યા પર કાર્યરત થશે.

પંચાયતની બેસવાની સમસ્યા વધુ ને વધુ ગંભીર બની રહી છે. ચિટનીસને પણ બેસવા માટે ચેમ્બર નથી. આગની દુર્ઘટના પછી મરામત અને રિપેરીંગ માટેના નકશા-અંદાજો તૈયાર થયા નથી અને નુકશાન અંગેની વિગતો પણ તૈયાર થઈ નથી આથી તંત્રએ પણ તેની કામગીરી શરૂ કરી નથી આમ જિલ્લા પંચાયતમાં મંદિર નાનુ અને ભગત જાજા જેવી સ્થિતિ ઉભી થઈ છે.

# આગામી ચાર દિવસ આકરી ઠંડીની આગાહી

**ઉત્તર પૂર્વિય પવનો ફૂંકાવાના શરૂ થતા આગામી એકાદ-બે દિવસમાં ત્રણથી પાંચ ડિગ્રી જેટલુ તાપમાન ગગડશે : કચ્છમાં કોલ્ડવેવની આગાહી**

હાલમાં ઠંડીમાં થોડીક રાહત મળી છે પરંતુ આગામી એકાદ-બે દિવસમાં જ ઠંડીમાં ચમકારો જોવા મળી શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે એકાદ-બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી જેટલી ગીરાવટ આવી શકે છે.

ગાંધીનગર શહેરમાં હાલમાં ઠંડીમાં ઘણી રાહત છે. જો કે પુનઃ ઠંડીનું મોજુ ફૂંકાય તેવી પૂર્ણ શક્યતાઓ છે. હવામાન વિભાગે જણાવ્યુ છે કે આગામી એકાદ-બે દિવસમાં જ ઠંડીમાં વધારો થઈ શકે છે. ઉત્તર પૂર્વિય પવનો ફૂંકાવાના શરૂ થયા છે. જેની અસર એકાદ-બે દિવસમાં તીવ્ર બનશે. એકાદ-બે દિવસમાં જ ઠંડી વધુ તીવ્ર બનશે. લઘુત્તમ તાપમાનમાં ગીરાવટ આવી શકે છે. તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી જેટલી ગીરાવટ આવતા ઠંડીનો અનુભવ વધુ તીવ્ર બનશે. ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારોમાં કોલ્ડવેવનો અનુભવ થઈ શકે છે. લઘુત્તમ તાપમાનની સાથોસાથ મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો થઈ શકે છે.

રાજ્યમાં ઉતરપૂર્વ તરફના ફૂંકાય રહ્યા છે.અને વેસ્ટર્ન ડીસ્ટર્બન પણ પસાર થઈ ગયું છે. જેના કારણે રાત્રી દરમિયાન ઠંડા અને સૂકા પવન ફૂંકાવવાના કારણે લઘુતમ તાપમાન ૨ થી ૩ ડીગ્રી ગગળ્યું.અને ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે આગામી ૪૮ કલાક ઠંડી જોર વધશે અને લઘુતમ તાપમાન બેથી ત્રણ ડીગ્રી તાપમાન ગગડશે. હવામાન વિભાગના મૌસમ વૈજ્ઞાનિક વિજીનલાલ જણાવ્યું છે કે કચ્છમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. કચ્છમાં અગામી ૪૮ કલાક ઠંડા અને સૂકા પવન ફૂંકાશે.અન્ય શહેરના લઘુતમ તાપમાનમાં પણ ૨થી ૩ ડીગ્રી ઘટવાનું અનુમાન છે.લઘુતમ તાપમાન ઘટતા ઠંડીનો અહેસાસ થશે.

# હાઈકોર્ટના પ્રતિનિધિઓએ સે.૧૧ના વિવાદિત બિલ્ડિંગની મુલાકાત લીધી

**બિલ્ડિંગમાં લાઈટ-પાણી કનેક્શન અને દુકાન-ઓફિસ માટે કબજો નહીં સોંપાયાના દાવા અંગે તપાસ : મનપાના અધિકારીઓ, પૂર્વ કોર્પોરેટર ઉપરાંત પૂર્વ મેયરના પતિ પણ હાજર રહ્યા**

ગાંધીનગર તા.૦૯

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી વિવાદાસ્પદ બનેલા સેક્ટર-૧૧ ખાતેના સ્કાયલાઈન બિલ્ડિંગમાં આજે હાઈકોર્ટે નિમેલા પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી.

વિકાસ પરવાનગી વગર જ પઝેશન આપી દેવાયા હોવાનો કેસ જે બહુમાળી બિલ્ડિંગ પર થયો છે તે કેસમાં સ્થળ પરની સાચી પરિસ્થિતિની ચકાસણી કરવા માટે હાઈકોર્ટે કોર્ટ કમિશનર તરીકે બે પ્રતિનિધિઓની નિમણૂંક કરી હતી જેઓ પોતાની સાથે પોલીસ બંદોબસ્ત લઈને બિલ્ડિંગની ચકાસણી માટે આવી પંહોચ્યા હતા.

આજે સવારે હાઈકોર્ટના પ્રતિનિધિઓએ વિડિયોગ્રાફી સાથવ બિલ્ડિંગના ભોંયરાથી માંડીને અગિયારમા માળ સુધીની સઘન ચકાસણી કરી હતી. આ વિવાદાસ્પદ બિલ્ડિંગમાં લાઈટ-પાણી અને ગટર કનેક્શન નહીં હોવાનો અને કોઈને કબજો નહીં અપાયાનો દાવો મ્યુનિ. તંત્ર અને પૂર્વ મેયર દ્વારા કરવામાં આવ્યો હતો. જેની ચકાસણી કરવામાં આવી હતી અને આ અંગેના ફોટોગ્રાફ-વિડિયો લેવાયા હતા.

ગ્રાઉન્ડ ફ્લોર પર રોડ સાઈડની દુકાનો ચાલુ હોવાથી તેમાં લાઈટ-પાણી, ગટરની સુવિધાઓ તથા કામગીરી જાણવા માટે સમિતીના સભ્યો દુકાનમાં ગયા હતા ત્યારબાદ બેઝમેન્ટની માપણીથી માંડીને ૧૧મા માળ સુધીમાં બાંધકામની સ્થિતિ, લાઈટ-પાણી, ગટરની વ્યવસ્થા અંગે રૂબરૂ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. કેટલીક ઓફિસો ચાલુ જણાઈ હતી, જેમાં તૈયાર થયેલા ફર્નિચર, લાઈટિંગ તથા અન્ય સુવિધાઓ અંગે પણ વીડિયો-ફોટોગ્રાફ લેવાયા હતા. ઉપરના ત્રણ માળમાં હોટલના રૂમનું કામ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું હોવાનું તપાસ દરમિયાન જણાયું હતું. દરેક રૂમમાં બાથરૂમ, લાઈટિંગ, કબાટ, બેડ સહિતની તમામ સુવિધાઓ જોવા મળી હતી.

હાઈકોર્ટના નિર્દેશો અનુસાર કમિશનરના સભ્યોની મુલાકાત વખતે ગાંધીનગર મ્યુનિ.ના અધિકારીઓ, કેતનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કમિશનરના પ્રતિનિધિએ દરેક માળમાં આવેલી ઓફિસ, દુકાનોની ચકાસણી દરમિયાન ત્રણેય પક્ષના સભ્યોની સહી લેવાઈ હતી. સવારે ૧૧ કલાકે પોલીસ બંદોબસ્ત સાથે કમિશનરના સભ્યો પહોંચ્યા



અરજદાર પિંકીબેન પટેલ અને પૂર્વ મેયરના પતિ-બિલ્ડર પ્રવર્તમાન સ્થિતિ અંગે નોંધ કરી હતી અને આ નોંધની સામ હતા અને બપોરે અઢી સુધીમાં કામગીરી સંપન્ન થઈ હતી.

## પૂર્વ મેયરની ગ્રાન્ટમાંથી ખરીદેલી ખુરશીઓનું ભૂત ધુણ્યું

પૂર્વ મેયર રીટાબેન પટેલની ગ્રાન્ટમાંથી મતદાન અગાઉ રૂ.૬૦ લાખના ખર્ચે ૧૨ લાખ ખુરશીઓ ખરીદવામાં આવી હતી. મેયરની રૂ.બે કરોડની ગ્રાન્ટમાંથી રૂ.૬૦લાખની ખુરશી ખરીદવાનો નિર્ણય વિવાદમાં આવ્યો હતો. આ ખુરશીઓનો ઢગલો સે-૨૧ ખાતે આવેલી નર્સરીમાં જોવા મળ્યો હતો બાદમાં તેને સે-૧૧ ખાતે સ્કાયલાઈન બિલ્ડિંગના બેઝમેન્ટમાં ખસેડવામાં આવ્યો હતો અને રાયસણ ખાતેના પાર્ટીપ્લોટમાં ખુરશીઓ જોવા મળી હતી. ૧૨ હજાર ખુરશીઓ પૈકીની ૪૦૦-૫૦૦ જેટલી ખુરશીઓ બેઝમેન્ટમાં જોવા મળી હતી, જ્યારે થોડી ખુરશી એક દુકાનમાં હતી. ખુરશીઓના જથ્થામાં ખાસો ઘટાડો આવ્યો હોવાનું જણાતું હતું, જેથી બાકીની ખુરશીઓ ક્યાં ગઈ તે અંગે પણ ચર્ચા ચાલી હતી.

# સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગોની હાલત ઉબડ ખાબડ સફાઈના નામે પણ મીંડુ

**શહેરના મુખ્યમાર્ગોની જેમ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ માર્ગ સુધારણા, સફાઇ સહીતની સમસ્યા તરફ ધ્યાન આપવા સેકટરવાસીઓની માંગ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને સોહામણુ બનાવવા માટે માર્ગ સુધારણા, સફાઈ તેમજ બ્યુટિફિકેશનના કામો પુરજોશમાં હાથ ધરાયા છે. ત્યારે સેકટરોમાં પણ લાંબા સમયથી સફાઈ અને માર્ગ સુધારણાની કામગીરીના અભાવે સેકટરવાસીઓ માટે ડગલે ને પગલે દુવિધાઓ મંડરાઈ છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ માર્ગોની આસપાસ સફાઈ, વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં રંગરોગાન અને સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે. નગરના મુખ્યમાર્ગોનુ ડામર કામ પણ હાથ ધરાયુ છે. જયારે મુખ્યમાર્ગો આસપાસ ફુટપાથનુ રીપેરીંગ અને વન આરક્ષિત વિસ્તારની સફાઈ પણ શરૂ કરી દેવામાં આવી છે. બીજીતરફ સેકટરોના આંતરિક વિસ્તારમાં લાંબા સમયથી સફાઈ અને માર્ગ સુધારણાના કામો હાથ ન ધરાયા હોવાનો આક્રોશ પણ નગરજનો ઠાલવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વી વી આઈ પી મહાનુભાવોની અવરજવરને ધ્યાનમાં રાખી માર્ગોને ચકાચક બનાવાની સાથે માર્ગો આસપાસ સફાઈ કરવામાં આવી રહી છે. જયારે મુખ્યમાર્ગો આસપાસ તુટેલી ફુટપાથના ગાબડા પણ પુરવાનુ આયોજન કરાયુ છે. શહેરના મુખ્યમાર્ગોનુ પણ ડામર કામ હાથ ધરવામાં આવ્યુ છે. વાઈબ્રન્ટને અનુલક્ષી નગર સુશોભન માટે પણ ખર્ચ કરવામાં આવે છે. જો કે નગરને સુશોભિત કરવાની તેમજ સફાઈ સહીતની કામગીરી પ્રત્યે નગરજનો હકારાત્મક અભિગમ દાખવી રહ્યા છે પરંતુ શહેરના મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ તંત્ર ધ્યાન આપી જરૂરી કામગીરી હાથ ધરે તેવી પણ પ્રબળ માંગણી ઉઠવા પામી છે. સેકટરોમાં નિયત સમય પુર્વે જ વરસાદી દિવસોના અંતે માર્ગોનુ ધોવાણ થતા માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે ચોમાસા બાદ પણ સેકટરોમાં વૃક્ષોની જાડીઓની સફાઈ થઈ નથી સેકટરોમાં શેરી સફાઈ માટેની કામગીરી પણ વિસરાઈ છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટ પણ રખડતા ઢોરનો અડ્ડો બન્યો છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓની મુંઝવણ વધી છે. શહેરના મુખ્યમાર્ગોની જેમ સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પણ હાથ ધરવામાં આવે તેમજ સફાઈ સહીત સ્ટ્રીટ લાઈટના કટાયેલા થાંભલાને પણ રંગરોગાન થાય તે અનિવાર્ય છે. સેકટરોને જોડતી ફુટપાથ પર હજુ બિનજરૂરી ઉગી નિકળેલી વનસ્પિત દુર થઈ નથી જયારે વોક વે પર નમી પડેલી ડાળીઓનુ ટ્રીમીંગ ન થતા વોકીંગ કરનારાઓ પણ પરેશાન છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com